ક્રમાંક:એસએજી/રમતશાખા/૨૦૧૮-૧૯
સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,
બ્લોક નં.૧૪/૩જો માળ,
ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.
તા. ૩૦/૦૩/૨૦૧૮

પરિપત્ર :-

ગત વર્ષના ખેલમહાકુંભની રાજ્યકક્ષાની સ્પર્ધા, શાળાકીય રાજ્યકક્ષા / રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા તથા એસોસીએશન દ્વારા યોજાતી રાજ્યકક્ષા / રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં ભાગ લેનાર રાજ્યના ખેલાડીઓને "ખેલગુજરાત" સમર કેમ્પમાં બોલાવવામાં આવે છે. આ સમર કોચીંગ કેમ્પમાં ૨૧ દિવસની તાલીમ દરમ્યાન આગામી વર્ષની શાળાકીય રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે પ્રોબેબલ ખેલાડીઓની પસંદગી યાદી-૧ બનાવવામાં આવે છે.

ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯ ની અં-૧૪,૧૭ ખેલમહાકુંભમાં એસ.જી.એફ.આઈ.ની સામેલ રમતો તથા અન્ય રમતો દર વર્ષની જેમ યથાવત રહેશે અને રાજ્યકક્ષાની સ્પર્ધા દરમ્યાન પણ રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે પ્રોબેબલ ખેલાડીઓની પસંદગી કરવાની રહેશે. (પસંદગી યાદી-૨) આ બંને પ્રોબેબલ ખેલાડીઓને (પસંદગી યાદી-૧ તથા ૨) રાષ્ટ્રકક્ષાના પ્રિનેશનલ કોચીંગ કેમ્પ માટે બોલાવવામાં આવશે. ૧૫ દિવસના કોચીંગ કેમ્પ દરમ્યાન પાંચમા દિવસે રાષ્ટ્રકક્ષામાં ભાગ લેનાર ખેલાડીઓની ટીમની અંતિમ પસંદગી કરવાની રહેશે. કોઈ આકસ્મિક કારણોસર પ્રિનેશનલ કોચીંગ કેમ્પ ૧૫ થી ઓછા દિવસ માટે હોય ત્યારે ખેલાડીઓની ઓનલાઈન રજીસ્ટ્રેશનની અંતિમ તારીખને ધ્યાને લઈ ટીમની અંતિમ પસંદગી વહેલા કરવાની રહેશે. આ અંગેની પસંદગી સમિતી નીચે મુજબ રહેશે.

| ક્રમ | નામ |
|---|---|
| ૧ | જે તે રમતના એક્સપર્ટ કોચ |
| ૨ | સિનીયર કોચ |
| ૩ | જે તે રમતના હેડ કોચ અથવા એસ.એ.જી.દ્વારા નિયુક્ત કરેલ કોચ |
| ૪ | એસોસીએશનના પ્રતિનિધિ |
| ૫ | જીલ્લા રમતગમત અધિકારી |
| ૬ | વ્યાયામ શિક્ષક સંઘના હોદ્દેદાર |

સચિવ
સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,
ગાંધીનગર

પ્રતિ,
કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર.

નકલ રવાના જાણ સારૂ:

૧ સિનીયર કોચશ્રી, પ્રદેશિક / જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, તમામ
૨ જે તે રમતના એક્સપર્ટ કોચ / હેડકોચ, તમામ કોચીઝ (મારફત સિનીયર કોચ)
૩. જીલ્લા રમતગમત અધિકારીશ્રી, જીલ્લા રમતગમત અધિકારીની કચેરી, તમામ.
૪. રાજ્યકક્ષાના માન્ય એસોસીએશન.